# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે મહિલાઓને 33 ટકા અનામત માટેના 2023માં પસાર કરાયેલા કાયદાને 2029થી લાગુ કરવા સંસદના અંદાજપત્ર સત્રને ત્રણ દિવસ લંબાવાયું

2) કેરળ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગવંતો બન્યો

3) પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ઈરાનમાં ફસાયેલા ત્રણસો પિસ્તાળીસ ભારતીય માછીમારો આર્મેનિયા થઈ  ચેન્નાઈ પહોંચ્યા

4) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે 48 કલાકનું અલ્ટીમેટમ આપ્યું

5) વિશ્વ પેરા તીરંદાજી સિરીઝમાં પાયલ નાગે મહિલા કમ્પાઉન્ડ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-WOMEN RESERVATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને 33 ટકા અનામત આપનાર 2023માં પસાર કરાયેલા કાયદાને 2029થી લાગુ કરવા માટે સંસદના અંદાજપત્ર સત્રને ત્રણ દિવસ લંબાવવામાં આવ્યું છે.

કેરલમના તિરુવલ્લામાં એક ચૂંટણી રેલીમાં બોલતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે સરકાર ખાતરી કરશે કે કેરલમ, તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગોવા અને તેલંગાણામાં લોકસભા બેઠકોની સંખ્યામાં કોઈ ઘટાડો ન થાય.

(બાઇટ – PM મહિલા આરક્ષણ)

પ્રધાનમંત્રીએ તમામ પક્ષોને મહિલા સશક્તિકરણના મુદ્દાને સંપૂર્ણ સમર્થન આપવા પણ વિનંતી કરી હતી. પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું હતું કે મહિલા પ્રતિનિધિઓની સંખ્યા વધારવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નારી શક્તિ વંદના કાયદામાં સુધારા કરવામાં આવશે.

# PM - WB VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળના કૂચ બિહારની મુલાકાત લેશે અને ચૂંટણી પ્રચાર કરશે. શ્રી મોદી કૂચ બિહાર રાસ મેળા મેદાનમાં કૂચ બિહાર જિલ્લાની આઠ બેઠકો અને અલીપુરદુઆર જિલ્લાની પાંચ બેઠકો પર ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરશે.

# WB - ECI - ATANU CHAKRABORTY

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના પાનિહાટી વિધાનસભા મતવિસ્તારમાં ફિલ્ડ સહાયક અતનુ ચક્રવર્તીને તેમના પદ પરથી દૂર કર્યા છે અને ગેરવર્તણૂક અને ફરજમાં બેદરકારી બદલ કારણદર્શક નોટિસ જારી કરી છે. ચક્રવર્તીની એક ચોક્કસ રાજકીય પક્ષની પ્રવૃત્તિઓમાં સંડોવણીના અહેવાલોની નોંધ લીધા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

અન્ય એક ઘટનામાં પંચે મુર્શિદાબાદ જિલ્લાના બહેરામપુરના ઇન્સ્પેક્ટર-ઇન-ચાર્જ સામે ફરજમાં બેદરકારી બદલ શિસ્તભંગની કાર્યવાહી પણ શરૂ કરી છે. વધુમાં ચૂંટણી પંચે આ જ ઘટનાના સંદર્ભમાં તૃણમૂલ કોંગ્રેસના ચાર નેતાઓ સામે પણ કાર્યવાહી શરૂ કરી છે.

# KERALAM CAMPAIGNING

કેરળ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. તમામ 140 મતવિસ્તારોમાં ઉમેદવારો મતદારોને રીઝવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. અમારા સંવાદદાતાનો અહેવાલ

VC – અર્જુન શર્મા

# FIRSHERMEN - WEST ASIA

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ઈરાનમાં ફસાયેલા ત્રણસો પિસ્તાળીસ ભારતીય માછીમારો ગઈકાલે સાંજે ચેન્નાઈ પહોંચ્યા. તેમને આર્મેનિયા થઈને ભારત લાવવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવાના પ્રયાસોના ભાગ રૂપે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિદેશ મંત્રીએ માછીમારોને પરત લાવવામાં આર્મેનિયા સરકારની સહાય બદલ આભાર પણ વ્યક્ત કર્યો. આર્મેનિયા ઈરાનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બહાર કાઢવામાં સતત સહયોગ આપી રહ્યું છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં એક હજાર બસોથી વધુ ભારતીય નાગરિકોને ઈરાનથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે જેમાંથી 996 આર્મેનિયા પહોંચી ગયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# TRUMP IRAN - 48 HOUR

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે 48 કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે ઈરાન પાસે હવે કોઈ કરાર પર પહોંચવા અથવા સ્ટ્રેટ ખોલવા માટે ફક્ત 48 કલાક બાકી છે. તેમણે ચેતવણી આપી હતી કે જો સમયમર્યાદા ચૂકી જાય તો ઈરાનને ગંભીર પરિણામોનો સામનો કરવો પડી શકે છે. આ દરમિયાન તેમણે યુદ્ધનો અંત લાવવા માટે રાજદ્વારી ઉકેલ લાવવાની તેમની હાકલનો પુનરોચ્ચાર કર્યો. જોકે ઈરાને સંઘર્ષનો અંત લાવવાના અમેરિકાના પ્રસ્તાવને એકપક્ષીય અને અન્યાયી ગણાવીને નકારી કાઢ્યો છે.

# TRUMP - IRAN MILITARY

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેહરાનમાં થયેલા મોટા હુમલામાં ઘણા ઈરાની લશ્કરી અધિકારીઓ માર્યા ગયા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં અમેરિકન લશ્કરી કાર્યવાહીનો એક વીડિયો જારી કર્યો છે, જેમાં તેમણે લશ્કરી અધિકારીઓના મોતની પુષ્ટિ કરી છે. તેમણે એમ પણ કહ્યું છે કે આ હુમલામાં નોંધપાત્ર નુકસાન થયું છે.

# TERROR - SOCIAL MEDIA

ન્યૂયોર્ક સ્થિત થિંક ટેન્ક ગેટસ્ટોન ઇન્સ્ટિટ્યૂટના એક અહેવાલમાં જણાવાયું છે કે ISIS સહિત ઘણા આતંકવાદી સંગઠનો પ્રચાર, ભરતી અને યુવાનોને કટ્ટરપંથી બનાવવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે.

અહેવાલ મુજબ સાયબર માધ્યમથિ આતંકવાદ ભારત-પ્રશાંત ક્ષેત્ર માટે એક ગંભીર સુરક્ષા પડકાર બની ગયો છે. ભારતના જમ્મુ અને કાશ્મીર, ભારતીય ઉપખંડ અને દક્ષિણપૂર્વ એશિયાના ઘણા ભાગો ખાસ કરીને તેનાથી પ્રભાવિત થયા છે.

અહેવાલમાં જણાવાયું છે કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મના દુરુપયોગથી બાળકો અને યુવાનો ભાવનાત્મક અને માનસિક રીતે પ્રભાવિત થઈ રહ્યા છે.

# PREZ VP- EASTER

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને ઇસ્ટર નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. તેમના સંદેશમાં રાષ્ટ્રપતિ મુર્મુએ નાગરિકોને સંવાદિતા, શાંતિ અને ભાઈચારાને પ્રોત્સાહન આપવા સામૂહિક પ્રયાસ કરવાના સંકલ્પ કરવા વિનંતી કરી. તેમણે વધુમાં આશા વ્યક્ત કરી કે ભગવાન ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન લોકોને સત્ય, પ્રેમ, કરુણા, બલિદાન અને ક્ષમાના મૂલ્યોને સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરતું રહેશે.

ઉપરાષ્ટ્રપતિએ તેમના સંદેશામાં કહ્યું કે ઈસુ ખ્રિસ્તનું જીવન અને ઉપદેશો પ્રેમ, બલિદાન, ક્ષમા અને અન્યોની સેવાના સ્થાયી મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે. આ દિવસ લોકોને સત્યને જાળવી રાખવા નમ્રતા અપનાવવા અને સૌના ભલા માટે સાથે મળીને કામ કરવા પ્રેરણા આપે છે.

# WORLD PARA ARCHERY

વિશ્વ પેરા તીરંદાજી સિરીઝમાં 18 વર્ષીય પાયલ નાગે બેંગકોકમાં મહિલા કમ્પાઉન્ડ ઇવેન્ટની ફાઇનલમાં વિશ્વ નંબર એક શીતલ દેવીને હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો. આ સાથે ભારતે કુલ 16 ચંદ્રકો જીત્યા, જેમાં સાત સુવર્ણ, પાંચ રજત અને ચાર કાંસ્યચંદ્રકોનો સમાવેશ થાય છે.

તોમન કુમારે પુરુષોની કમ્પાઉન્ડ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે ભાવનાએ મહિલા રિકર્વ ઇવેન્ટ જીતી. તોમનએ ઓસ્ટ્રેલિયાના જોનાથન મિલ્નેને હરાવ્યો, જ્યારે ભાવનાએ થાઇલેન્ડના પત્થરાફોન પટ્ટાવાયોને હરાવ્યો.

બે વખતના પેરાલિમ્પિક ચંદ્રક વિજેતા હરવિંદર સિંહને રિકર્વ ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો. જ્યારે આ સ્પર્ધામાં મહિલા વર્ગમાં સ્વાતિ ચૌધરીએ પણ રજત ચંદ્રક જીત્યો. અગાઉ શ્યામ સુંદર સ્વામીએ પુરુષોની કમ્પાઉન્ડ વ્યક્તિગત ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજના તમામ અખબારોએ વિવિધ સમાચારોની હેડલાઈન બનાવી છે.
- સંદેશ લખે છે પાકિસ્તાનમાં પેટ્રોલ લીટર દિઠ 458 રૂપિયા, ડીઝલ 500 રૂપિયા.
- દિવ્ય ભાસ્કર લખે છે ટ્રમ્પ અકળાયા, યુદ્ધ વચ્ચે આર્મી ચીફને હટાવ્યા, 2 અન્ય જનરલ પણ બરતરફ...
- ઈરાનનો અમેરિકાને તમાચો : વોટર-ગેસ પ્લાન્ટનો કચ્ચરઘાણ આ હેડલાઈન છે ગુજરાત સમાચારની.
- સ્થાનિક સમાચાર પર નજર કરીએ તો સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે ગુજરાતમાં વસ્તી ગણતરી પર બ્રેક.
- રમતગમતના પાના પર આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમા ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાનારી મેચના સમાચાર છાપ્યા છે